# Worksheet ① [2019-20]

Sem: II Sub:- Gujarati std 5th Marks 60.

L- 11, 12, 13, 14, 15.

પ્રશ્ન-1 નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. [10]

(1) વૃક્ષ દ્વારા દરેક જીવને વાયુ કેવી રીતે મળે છે.?
જ-1 વૃક્ષ કાર્બનડાયોક્સાઇડ ગ્રહણ કરે છે. અને ઓક્સિજનવાયુ બહાર કાઢે છે. જે આપણને ખૂબજ ઉપયોગી છે.

(2) વૃક્ષ પાસેથી આપણને ક્યા ક્યા ફળ મળે છે.?
જ-2 વૃક્ષ આપણને ચીકુ, સફરજન, કેળા, કેરી, દાડમ, સીતાફળ, તરબૂચ, શક્કરટેટી વગેરે ફળો આપણને આપે છે.

(3) વૃક્ષના રક્ષણથી આપણને શું ફાયદો થાય છે.?
જ-3 (1) વૃક્ષો સુષ્ટિનું જતન કરે છે.
(2) વૃક્ષ આપણને ફળ ફુલ આપે છે.

(4) ઉતરાયણનો તહેવાર ક્યારે આવે છે.
જ-4 ઉતરાયણનો તહેવાર ૧૪મી જાન્યુઆરી એ આવે છે.

(5) પતંગરસિયા રાત્રે શું ચગાવે છે.
જ-5 પતંગરસિયા રાત્રે કાળા અંધારા આકાશમાં સફેદ પતંગ અથવા પતંગ સાથે ટુક્કલ બાંધીને અથવા ફાનસ બાંધીને ચગાવે છે.

(6) ઉતરાયણનું બીજુ નામ શું છે.
જ-6 ઉતરાયણનું બીજુ નામ મકરસંક્રાંતિ છે.

(7) ઉતરાયણના દિવસે શેનું મહત્વ છે.
જ-7 ઉતરાયણના દિવસે દાન આપવાનું મહત્વ છે.

Scanned by CamScanner

પ્રશ્ન પેટા પ્રશ્ન ક્રમાંક | ☐ + ☐ + ☐ + ☐ + ☐ = ☐

(8) અમદાવાદમાં શું આવેલું છે.
જ-8 અમદાવાદમાં પતંગ મ્યુઝિયમ આવેલું છે.

(9) મમ્મી બાળકને કેવી રીતે સુવડાવે છે.
જ-9 મમ્મી બાળકને પ્રેમ ભરેલા હાલરડા ગાઈને સુવડાવે છે.

(10) બાળક માંદુ પડે ત્યારે મમ્મી શું કરે છે, શા માટે?
જ-10 બાળક માંદુ પડે ત્યારે મમ્મી ઉજાગરા કરે છે. કારણ કે મમ્મીને બાળક વહાલું લાગે છે.

(11) બાળકને તેની મમ્મી કેમ વહાલી લાગે છે.
જ-11 બાળકને તેની મમ્મી દરેક કાર્યમાં તેને મદદ કરે છે. અને બાળકની કાળજી રાખે છે. તેથી બાળકને તેની મમ્મી વહાલી લાગે છે.

(12) બાળકને મમ્મી આશિષ કેમ આપે છે.
જ-12 બાળકને મમ્મી જીવનમાં આગળ વધવા માટે આશિસ આપે છે.

(13) વડોદરા શહેર કઈ નદીના કાંઠે વસેલું છે?
જ-13 વડોદરા શહેર વિશ્વામિત્રી નદીના કાંઠે આવેલું છે.

(14) વડોદરા શહેરના વિકાસનો શ્રેય કોના ફાળે જાય છે.
જ-14 વડોદરા શહેરના વિકાસનો શ્રેય ગાયકવાડ રાજ્યના મહારાજા સયાજીરાવ ગાયકવાડના ફાળે જાય છે.

Scanned by CamScanner

(15) વડોદરા શહેરનું જુનુ નામ શું છે.?
જ-15 વડોદરા શહેરનું જુનુ નામ વટપત્ર છે.

(16) વડોદરા શહેરનો વિકાસનો શ્રેય કોના ફાળે જાય છે.?
જ-16 વડોદરા શહેરના વિકાસનો શ્રેય ગાયકવાડ રાજ્યના મહારાજા સયાજીરાવ ગાયકવાડના ફાળે જાય છે.

(17) વડોદરાને ગુજરાતની સંસ્કારી નગરી કેમ કહેવાય છે.?
જ-17 વડોદરામાં અદ્યતન પુસ્તકાલય ઉચ્ચ શિક્ષણ માટે વિશ્વ વિદ્યાલયની સ્થાપના થયેલી છે. મહારાજા સયાજીરાવ વિશ્વ વિદ્યાલયની ફાઇન આર્ટ્સ કોલેજ વિશ્વ વિખ્યાત છે. તેથી આ નગર ગુજરાતની સંસ્કાર નગરી છે.

(18) કવયિત્રી ૧૪ જાન્યુઆરીએ શું કરવા કહે છે.
જ-18 કવયિત્રી ૧૪ જાન્યુઆરીએ પતંગ ચગાવવા અને શેરડી સાથે તલની ચીકી ખાવા કહે છે.

(19) હોળીના તહેવારોમાં કોની ભક્તિનો મહિમા જાણવા કીધુ છે.
જ-19 હોળીના તહેવારોમાં પ્રહલાદની ભક્તિનો મહિમા જાણવા કીધુ છે.

(20) કવયિત્રી જન્માષ્ટમીમાં શું કરવા કહે છે.
જ-20 કવયિત્રી જન્માષ્ટમીમાં મટકી ફોડવા અને નંદ કિશોરના બાળ કિસ્સા જાણી આનંદ લેવા કહે છે.

(21) રક્ષાબંધનનો તહેવાર કોના પ્રેમની વાત કરી છે.
જ-21 રક્ષાબંધનનો તહેવાર ભાઈ-બહેનના પ્રેમની વાત કરી છે.

Scanned by CamScanner

પ્રશ્ન પેટા પ્રશ્ન ક્રમાંક

(22) અગ્નિદેવની પૂજા કયાં થાય છે?
જ 22 અગ્નિદેવની પૂજા અગિયારીમાં થાય છે.

(23) ક્રિસમસના તહેવારે કોના જન્મની ઉજવણી કરવામાં આવે છે.
જ 23 ક્રિસમસના તહેવારે ઇશુના જન્મની ઉજવણી કરવામાં આવે છે.

પ્રશ્ન-2 નીચે આપેલી ખાલી જગ્યા પૂરો. (8)
(1) ઉતરાયણના બીજા દિવસે વાસી ઉતરાયણ તરીકે મનાવાય છે.
(2) ગુજરાતમાં તો સ્ત્રીઓ પણ પતંગને સારી રીતે ઉડાડી શકે છે.
(3) 14 મી જાન્યુઆરીએ મકરસંક્રાંતિનો તહેવાર ઉજવાય છે.
(4) રાત્રે પતંગ સાથે બાંધીને ટુક્કલ (ફાનસ) ઉડાડે છે.
(5) અમદાવાદમાં તો પતંગ મ્યુઝિયમ પણ આવેલું છે.
(6) અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય પતંગ સ્પર્ધા યોજાય છે.
(7) વડોદરા શહેર ગાયકવાડ વંશના મરાઠા રાજ્યનું પાટનગર છે.
(8) વડોદરા ગુજરાતનું ત્રીજા નંબરનું મોટું શહેર છે.
(9) વડોદરા પશ્ચિમ રેલ્વેનું સૌથી મહત્વનું જંકશન છે.
(10) મહારાજા સયાજીરાવ વિશ્વ વિદ્યાલયની ફાઇન આર્ટસ કોલેજ વિશ્વ વિખ્યાત છે.
(11) વડોદરાની પૂર્વમાં મધ્ય પ્રદેશ રાજ્ય આવેલું છે.

Scanned by CamScanner

પ્રશ્ન
પેટા પ્રશ્ન
ક્રમાંક

પ્રશ્ન-૨(A) કાવ્ય પંક્તિ પૂર્ણ કરો. (પ્રથમ છ લીટી) L-13. (5)

હેત ભરેલી નજરે જોતી
મારી મમ્મી મને વહાલી છે.
પ્રેમ ભરેલા હાલરડાં ગાતી,
મારી મમ્મી મને વહાલી છે.
મીઠી નીંદરમાં પોઢાડતી,
મારી મમ્મી મને વહાલી છે.

(13) નીચે આપેલા શબ્દના વાક્ય બનાવો. (5)
(1) વડોદરા :- વડોદરા વિશ્વામિત્રી નદીના કિનારે વસેલું નગર છે.
(2) સંસ્કાર :- વડોદરા સંસ્કાર નગરી તરીકે ઓળખાય છે.
(3) મંદિર :- વડોદરામાં કિર્તિમંદિર આવેલું છે.
(4) સરોવર :- વડોદરામાં આજવા સરોવર આવેલું છે
(5) બાગ :- કમાટી બાગ (સયાજીબાગ) શહેરનો જુનામાં જુનો બાગ છે.
(6) મકરસંક્રાંતિ :- ઉતરાયણનું બીજુ નામ મકરસંક્રાંતિ છે.
(7) મેઘધનુષ :- ચોમાસામાં આકાશમાં મેઘધનુષ જોવા મળે છે.
(8) ટુક્કલ :- રાત્રે ટુક્કલ ઉડાડવામાં આવે છે.
(9) વાસી :- ઉતરાયણનો બીજો દિવસ વાસી ઉતરાયણ છે.
(10) [illegible] :- ગુજરાતનો પતંગ મહોત્સવ આગવી મહોત્સવ વિશિષ્ટતા ધરાવે છે.

Scanned by CamScanner

પ્રશ્ન પેટા પ્રશ્ન ક્રમાંક

પ્ર-3(A) સમાનાર્થી શબ્દ લખો. [2]

(1) આકાશ = ગગન, નભ.
(2) સવાર = પ્રભાત, ઉષા
(3) સૂર્ય = રવિ, સૂરજ
(4) રાત્રિ = નિશા
(5) આરંભ = અંત.
(6) માનવ = મનુષ્ય
(7) વરસાદ = મેઘ
(8) સ્વસ્તિક = સાથિયો
(9) મિત્ર = દોસ્ત
(10) અમીર = ધનવાન

(B) વિરુદ્ધાર્થી શબ્દ લખો [2]

(1) સત્ય × અસત્ય
(2) અહિંસા × હિંસા
(3) શક્તિ × અશક્તિ
(4) વિજય × પરાજય
(5) જીવન × મૃત્યુ
(6) જ્ઞાન × અજ્ઞાન
(7) આગળ × પાછળ
(8) વરદાન × શાપ
(9) આકાશ × પાતાળ
(10) હસવું × રડવું.

(C) સમુદ્દવાચક અને ભાવવાચક સંજ્ઞા નું વર્ગીકરણ કરો. [4]

(પ્ર.) ઈમાનદારી, સભા, દુઃખ, સરઘસ, સૈન્ય, ખારાશ, ટોળું, મીઠાશ

જવાબ-

| સમુદ્દવાચક | ભાવવાચક |
|---|---|
| સભા | ઈમાનદારી |
| સરઘસ | દુઃખ |
| સૈન્ય | ખારાશ |
| ટોળું | મીઠાશ |

પ્રશ્ન-4(A) નીચે આપેલા શબ્દની સાચી જોડણી લખો. [3]

(1) દીશા - દિશા
(2) કવી - કવિ
(3) વકિલાત - વકીલાત
(4) ઉશા - ઉષા
(5) સૌનય = સૈન્ય

Scanned by CamScanner

પ્રશ્ન પેટા પ્રશ્ન ક્રમાંક [ ] + [ ] + [ ] + [ ] + [ ] = [ ]

(B) નીચેના શબ્દની જાતિ ઓળખાવી અને લખો. [4]

(1) રાજા - નરજાતિ
(2) બાગ - નરજાતિ
(3) ગાડી - નારીજાતિ
(4) નગર - નાન્યતરજાતિ
(5) નદી - નારીજાતિ
(6) મોરકો - નરજાતિ
(7) વાસ - નરજાતિ
(8) વર્તુળ - નાન્યતરજાતિ.

(B) નીચે આપેલ ફકરાનું સુલેખન (સારા અક્ષરે) ફરીથી લખો. [5]

વૃક્ષો આપણને અનેક રીતે ઉપયોગી છે. વૃક્ષોના પાંદડાં હવાને શુદ્ધ કરે છે. વૃક્ષો રણને આગળ વધતું અટકાવે છે વૃક્ષો વરસાદ લાવવામાં મદદરૂપ થાય છે. વૃક્ષોની શીતળ છાયામાં પશુઓ, પક્ષીઓ, ખેડૂતો અને મુસાફરો આરામ કરે છે વૃક્ષો આપણને રંગબેરંગી ફુલો તથા ફળો આપે છે. કેટલાંય વૃક્ષોનાં મૂળિયાં અને પાંદડાં ઔષધિ તરીકે વપરાય છે. આમ વૃક્ષો આપણા જીવન રક્ષક છે

પ્રશ્ન-5 (A) નિબંધ લખો (1) મારી વહાલી મમ્મી [04]
(ગમે તે એક) (2) મારી પ્રિય રમત ક્રિકેટ.

(B) રજા ચિઠ્ઠી લખો. (ગમે તે એક) [04]
(1) તમારા મોટા ભાઈના લગ્ન છે. તેથી તમે ચાર દિવસ નિશાળે જઈ શકો તેમ નથી. તેની રજાચિઠ્ઠી લખો.

સરનામું
91, વિજયનગર સોસાયટી,
સોલા રોડ
અમદાવાદ - 380061
તા. 31-3-2020

પૂજ્ય ગુરુજી,
સાદર પ્રણામ તા. 3-2-2006 ના રોજ મારા મોટા ભાઈના લગ્ન છે તેથી હું તા. 4-2-2020 થી તા. 7-2-2020 સુધી શાળાએ આવી શકું તેમ નથી. તો

પ્રશ્ન
પેટા પ્રશ્ન
ક્રમાંક

મારી ચાર દિવસની રજા મંજૂર કરવા મહેરબાની કરશોજી

લિ.
આપનો આજ્ઞાંકિત વિદ્યાર્થી
X.Y.Z.
ધો. 5th A. Roll No. —

(૨) તમે તમારા મિત્રની વરસગાંઠની પાર્ટીમાં જઈ શકો તેમ નથી. તે અંગેનો પત્ર તમારા મિત્રને લખો-

સરનામું
નારણપુરા
અમદાવાદ-380014
Date:-

પ્રિય મિત્ર ___

મને તારી વરસગાંઠની પાર્ટીનો આમંત્રણ પત્ર મળ્યો. સોમવારે તારી વર્ષગાંઠ છે. તે જ દિવસે અમારે બધાએ મારા મામા સાથે અંબાજી જવાનું છે. તેથી હું તારી આ પાર્ટીમાં આવી શકું તેમ નથી-

તને વર્ષગાંઠ મુબારક હો.

હું આવતા રવિવારે જરૂર તને મળવા આવીશ. તારા મમ્મી પપ્પાને મારા પ્રણામ

લિ.
તારો મિત્ર ___

□ + □ + □ + □ + □ = □

## નિબંધ (1) મારી વહાલી મમ્મી

મારી મમ્મીનું નામ શીતલબેન છે. તેની ઉંમર આશરે 35 વર્ષની છે તે ખૂબ દેખાવડી છે. તે મને બહુ બહુ જ વહાલ કરે છે તે બેન્કમાં નોકરી કરે છે.

મારી મમ્મી સવારે વહેલી ઉઠે છે. તે ઘરના બધા કામ જાતે જ કરે છે મારી બહેન મારી મમ્મીને ઘરકામમાં મદદ કરે છે મારી મમ્મીની બનાવેલી રસોઈ બહુ સ્વાદિષ્ટ હોય છે મમ્મી મને સવારે વહાલથી જગાડે છે અને તૈયાર કરે છે. રોજ અમે બંને સાથે જ જમવા બેસીએ છીએ. તે બેન્કમાં જતી વખતે મને નિશાળે મુકતી જાય છે. તે મને સાંજે નિશાળે લેવા માટે આવે છે મારી મમ્મી મને રોજ મારા ઘરકામમાં મદદ કરે છે.

મારા મમ્મી-પપ્પા મારા દાદા-દાદીની સારી દેખરેખ રાખે છે મારી મમ્મીને ગીતો અને ભજનો ગાવાનો અને સાંભળવાનો શોખ છે. તે ઘરમાં કામ કરતા કરતા ગીતો અને ભજનોની કેસેટ વગાડે છે. રજાના દિવસે અમે મમ્મી અને પપ્પા સાથે બગીચામાં ફરવા જઈએ છીએ. કોઈ વાર અમે બધા ફિલ્મ કે નાટક જોવા પણ જઈએ છીએ.

મારી મમ્મી સદાય ખુશ રહે છે જો અમારી કોઈ ભૂલ થઈ હોય તો તે અમને પ્રેમથી સમજાવે છે. મારી મમ્મી ઘરમાં ન હોય ત્યારે મને ઘર સૂનું સૂનું લાગે છે. મારી મમ્મી મને ખૂબ વહાલી છે.

## (2) મારી પ્રિય રમત ક્રિકેટ

ક્રિકેટ મારી પ્રિય રમત છે.

મને ક્રિકેટ રમવાનો અને ક્રિકેટની ટેસ્ટ મેચ જોવાનો ખૂબ શોખ છે. મારા પપ્પા ક્રિકેટના ખેલાડી છે. તે શિયાળામાં જુદી જુદી સોસાયટીઓ વચ્ચે બાહર મેચ ગોઠવે છે હું તેમની સાથે મેચ જોવા જાઉં છું.

હું મારા ભાઈબંધો સાથે ક્રિકેટ રમું છું. અમારી સોસાયટીમાં અમે ક્રિકેટની એક ટીમ બનાવી છે.

Scanned by CamScanner

પ્રશ્ન
પેટા પ્રશ્ન
ક્રમાંક

(10)

☐ + ☐ + ☐ + ☐ + ☐ = ☐

અમે દર રવિવારે સવારે ક્રિકેટ રમીએ છીએ. હું સારો બેટ્સમેન છું. હું મારી ક્રિકેટ ટીમનો વિકેટકીપર પણ છું. હું જલદી આઉટ થઈ જતો નથી. હું વિકેટકીપર તરીકે પણ સારું કામ કરું છું.

હું રજાઓમાં ક્રિકેટના વર્ગો ભરું છું. મારા કોચ મને કહે છે કે, 'તું જરૂર સારો બેટ્સમેન બની શકીશ.' મારો પ્રિય ક્રિકેટર સચિન તેન્ડુલકર છે. હું દેશ વિદેશમાં રમાતી ક્રિકેટ મેચનું ટીવી પ્રસારણ જોવાનું ચૂકતો નથી.

ક્રિકેટ જોવાની મને ખૂબ મજા આવે છે. સારા ક્રિકેટરોને વિદેશના પ્રવાસે જવા મળે છે. વળી ખૂબ પૈસો અને પ્રતિષ્ઠા પણ મળે છે.

ક્રિકેટ જેવી બીજી કોઈ રમત નથી. માટે જ મને ક્રિકેટ બહુ ગમે છે.

Scanned by CamScanner